# સિદ્ધિ...

મિત્રો, કુદરતે દરેક માનવીને કંઈક ને કંઈક વિશેષતા, ક્ષમતાની ભેટ આપી છે. પરંતુ આપણામાંથી કેટલાક આત્મબળ અને પુરુષાર્થના સથવારે આ ક્ષમતાને સફળતાના શિખરો સુધી લઈ જઈ શકે છે. તેઓ જ્યારે પોતાની એક વિશેષ ઓળખ બનાવે છે, ત્યારે સમાજે તેની નોંધ લેવી જ પડે છે. તેમની આ સિદ્ધિ પાછળ અલબત્ત પરિવાર અને સ્વજનોનો સાથ, પરિશ્રમ, ત્યાગ-બધું જ ભાગ ભજવે છે. પરંતુ એક સફળ વ્યક્તિ તરીકેની ઓળખ તેની આસપાસનાં તમામને ગર્વાન્વિત કરે છે. આપણી જ્ઞાતિમાં પણ કેટલાંક એવાં તેજસ્વી તારલા છે. જેની ચમક દૂર-સુદૂર ફેલાયેલી છે. આપણા પરિવારના આવા કોઈ સભ્યનું નામ અને કામ, જ્યારે ટી.વી., અખબાર કે અન્ય માધ્યમ દ્વારા દુનિયા સુધી પહોંચે, ત્યારે સિદ્ધિની આવી ક્ષણોને યાદગાર બનાવવાનું મન થાય જ. 'સ્નેહ-સેતુ' ના આ અંકમાં શ્રી કડી દશા દિશાવાળ વણિક ઉત્કર્ષમંડળના આવા સફળતા પ્રાપ્ત સભ્યોથી આપને પરિચિત કરાવીએ. તમામને જ્ઞાતિ તરફથી ખૂબ ખૂબ અભિનંદન અને ઉજ્જવળ ભવિષ્યની શુભકામના !

**હિમાની નીલેશ વોરા** :- બહારથી ઝાકઝમાળ ભરી લાગતી મોડેલિંગ અને ફેશનની દુનિયા, વાસ્તવમાં ખૂબ જ મહેનત માગી લે તેવી કળા છે. વ્યક્તિને સામાન્યમાંથી ખાસ બનવા માટે આત્મસૂઝ અને કામ પ્રત્યેની લગન ખૂબ આવશ્યક છે. ઉર્જિતા નીલેશ વોરા અને નીલેશ વોરાની પુત્રી હિમાનીને આ કળા હસ્તગત છે. મોડેલિંગ અને ફેશન શો માં તેમને તાજેતરમાં અનેક પ્રાઈઝ મળ્યાં છે.


હિમાની નીલેશ વોરા

૧) નેશનલ એકેડમી ઓફ ઈવેન્ટ મેનેજમેન્ટ એન્ડ ડેવલપમેન્ટ દ્વારા યોજાયેલ ફેશન શો માં કોરિયોગ્રાફર્સ ચોઈસનું પ્રથમ પ્રાઈઝ


૨) જીએલએસ યુનિવર્સિટી યુથ ફેસ્ટીવલ દ્વારા આયોજિત ફેશન શો માં બીજું પ્રાઈઝ

૩) એસ.એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમર્સ દ્વારા યોજાયેલ 'ફેસેટ્સ' ફેસ્ટીવલમાં બેસ્ટ ફીમેલ મોડેલનું પ્રાઈઝ. **હિમાનીને અભિનંદન !**

**સમીપ સંજીવકુમાર શાહ** :- પ્રો-કબડ્ડી લીગની પાંચમી સિઝન ગુજરાત માટે ખાસ બની રહી છે. કારણ કે, નવી ફ્રેન્ચાઈઝી 'ગુજરાત ફોર્ચ્યુન જાયન્ટ્સ' પહેલી વાર મેઈનમાં ઉતરવા માટે આકરી મહેનતથી તૈયાર થઈ. આ નવી ટીમમાં દેશ કે વિદેશના કોઈ પણ ખેલાડીને ફીટ રાખવાનો પડકાર કોનો છે, ખબર છે ? મિત્રો, કડીના ૨૭ વર્ષના સમીપ શાહે આ કપરી જવાબદારી સંભાળવાનો પડકાર ઝિલ્યો છે. આપણી જ્ઞાતિ માટે ગર્વની વાત છે, કે આવી મોટા ગજાની ટુર્નામેન્ટ માટે ભારતીબેન અને સંજીવકુમારનાં પુત્ર સમીપ શાહની જાયન્ટ્સ ટીમના ફિઝિયોથેરાપીસ્ટ તરીકે પસંદગી થઈ છે. ૨૦૧૫માં ફિઝિયોથેરાપીમાં પોસ્ટ ગ્રેજ્યુએશન પૂરું કર્યા પછી, સમીપને લિવરપુલ ઈન્ટરનેશનલ ફૂટબોલ એકેડેમીમાં કામ કરવાની તક મળી. તે પછી ગુજરાત જાયન્ટ્સ ટીમ માટે આસિસ્ટન્ટ ફિઝિયોની ઓફર મળી, જે તેમણે તરત સ્વીકારી લીધી. ટીમના તમામ ખેલાડીઓ માટે વિવિધ કસરત અને સમતોલ આહારનું સમયપત્રક બનાવી, ખેલાડીઓની ચુસ્તી અને સ્ફૂર્તિ વધારી. નાની ઈજાઓમાંથી જલદી રીકવર થવા માટે પણ માર્ગદર્શન આપ્યું. ઉપરાંત, પ્રતિબંધિત દવાઓ અંગે માર્ગદર્શન આપવા પણ સમીપ સતત સેમિનાર કરતા રહે છે. માતા-પિતા, પત્ની અને બહેનના સતત પ્રોત્સાહનથી સમીપની કારકિર્દી સફળતાને વરી છે. **સમીપને અભિનંદન !**


સમીપ સંજીવકુમાર શાહ

**કથન રવિ શાહ** :- સાંપ્રત સમયમાં સ્વરક્ષણની તાલીમ, એ માત્ર શોખની વસ્તુ નહિ, પરંતુ જીવનમાં શીખવા માટે આવશ્યક કળાઓ પૈકી એક બાબત બની ગઈ છે. કરાટે, કૂંગ-ફૂ, જ્યુડો અને ટેકવાન્ડો જેવી સ્વરક્ષણની તાલીમ, ખૂબ જ એકાગ્રતા અને સંકલ્પબદ્ધતા માંગી લે છે. તે વ્યક્તિને સ્વયંશિસ્તના પાઠ ભણાવે છે. મૃગાક્ષી રવિ શાહ અને રવિ કૃષ્ણકાંત શાહના પુત્ર કથને આ ક્ષેત્રમાં અનેરી સિદ્ધિ મેળવી છે. માત્ર પાંચ વર્ષની ઉંમરથી ટેકવાન્ડોની તાલીમ લઈ, હાલમાં ૧૪ વર્ષની ઉંમરે તેમણે કપરી તાલિમ બાદ બ્લેક બેલ્ટ (ફર્સ્ટ ગ્રેડ)



કથન રવિ શાહ

મેળવી તાજેતરમાં જ પાંચમી અમદાવાદ ડિસ્ટ્રીક્ટ ટેકવાન્ડો ચેમ્પીઅનશીપમાં ગોલ્ડ મેડલ હાંસલ કર્યો છે. ઉપરાંત, રાજ્ય સરકાર દ્વારા યોજાતા પ્રતિષ્ઠિત ખેલ મહાકુંભમાં ટેકવાન્ડોમાં તૃતીય સ્થાન મેળવી, રાજ્યસરકારનું ઈનામ મેળવેલ છે. કથનને સ્કાઉટનો વિશેષ 'રાજ્ય સરકાર એવોર્ડ' ગવર્નર શ્રી ઓ.પી.કોહલીના હસ્તે મળેલ છે. પરિવારના પ્રોત્સાહનથી તેઓ આ ક્ષેત્રમાં હજી વધારે ચુસ્ત તાલીમ લઈ રહ્યા છે. **કથનને અભિનંદન !**


__વ્રજ નીરવ વોરા__ :- કંઠ્યસંગીત કે વાદ્યસંગીત જેવી કળાને હસ્તગત કરવા બહુ નાની ઊંમરથી કઠિન પરિશ્રમ કરવો જરૂરી છે. અલબત્ત, આ માટે કુદરતી ક્ષમતા પણ એટલો જ ભાગ ભજવે છે. બીજલ નીરવ વોરા અને નીરવ જસવંત લાલ વોરાના નવ વર્ષના સુપુત્ર વ્રજને, તાલવાદ્યો વગાડવાની કળા ઈશ્વરીય ભેટ રૂપે મળી છે. ચાર વર્ષની ઉંમરથી



વ્રજ નીરવ વોરા

માતાપિતાએ તેની તાલીમમાં રસ લેતા, આજે વ્રજ ઢોલ, બોંગો, કોન્ગો, ડર્બુકા, ઓક્ટાપેડ અને કેહોન જેવા તાલવાદ્યો સહેલાઈથી વગાડી શકે છે. તાલની આવી અસાધારણ સૂઝના પરિણામે, વ્રજને તાજેતરમાં, ખૂબ જ વિશાળ ફલક પર યોજાતી પ્રતિષ્ઠિત રંગન મ્યુઝિકલ ઈન્સ્ટ્રુમેન્ટ પ્રેરિત સ્પર્ધામાં સબ જુનિયર ગ્રુપમાં પ્રથમ ઈનામ મળ્યું છે. આ પહેલા પણ વ્રજને અનેક ઈનામો મળી ચૂક્યાં છે. સ્ટેજ પ્રોગ્રામ્સ દરમિયાન નાનકડા વ્રજની પરફોર્મન્સ પ્રેક્ષકો ખૂબ રસપૂર્વક નિહાળે છે. સમગ્ર વોરા પરિવારની પ્રેરણાથી વ્રજ હજી ખૂબ જ આગળ વધવાના સ્વપ્નને સાકાર કરવા પ્રયત્નશીલ છે. **વ્રજને અભિનંદન !**

__પ્રહર્ષ ગુંજન પરીખ__ : લંડન સ્થિત વીમ્મી અને ગુંજન સૌરભભાઈ પરીખનો પુત્ર પ્રહર્ષ નાનપણથી જ ક્રિકેટની રમતમાં ઊંડો રસ ધરાવે છે. સઘન, શિસ્તબધ્ધ



પ્રહર્ષ ગુંજન પરીખ

તાલીમના પરિણામે ૧૫ વર્ષના પ્રહર્ષને હાલમાં જ ૧૬ વર્ષથી નીચેની વયજૂથની ઈંગ્લેન્ડની ક્રિકેટ ટીમના પ્લેયર તરીકેની કેપ મેળવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. અધિકૃત ક્રિકેટ એક્સપર્ટ બેન ડકેટ દ્વારા તાજેતરમાં જ તેમને કેપ આપવામાં આવી. પ્રહર્ષ આપણી જ્ઞાતિના પૂર્વ પ્રમુખ સ્વ. કાન્તિભાઈ પરીખના પ્રપૌત્ર છે.
**પ્રહર્ષને અભિનંદન!**

__ન્યાસા ભાવિન શાહ__ : શ્વેતા અને ડૉ. ભાવિન એચ. શાહની પુત્રી ન્યાસા નાનપણથી જ ગરબા હરિફાઈનાં અનેક ઈનામો મેળવી ચૂકી છે. તાજેતરમાં જ રિવર ફ્રન્ટ મુકામે SVVP દ્વારા યોજાયેલ ગરબા મહોત્સવમાં તેને પ્રથમ ઈનામ મળ્યું. તેમજ રાધે ઉપવન ક્લબ ગરબા મહોત્સવમાં પ્રથમ બમ્પર ઈનામ (SCOOTY PEP) મળ્યું.



ન્યાસા ભાવિન શાહ

પુષ્ટિમાર્ગીય સંસ્કારથી પ્રેરીત ન્યાસાને આ વર્ષે 'કૃપાનિધાન શ્રી યમુનાજી' વિષય પર વક્તૃત્ત્વ સ્પર્ધા તથા 'ગિરિરાજધૈર્યાષ્ટકમ્' સ્તોત્ર પઠનમાં પ્રથમ સ્થાન મળ્યું છે.
**ન્યાસાને અભિનંદન!**

__નીવા ભાવિન શાહ__ : શ્વેતા અને ડૉ. ભાવિન એચ. શાહની પુત્રી નીવાએ માત્ર ૮ વર્ષની ઉંમરે આંતરરાષ્ટ્રીય પુષ્ટીમાર્ગીય વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશની સ્તોત્રપઠન સ્પર્ધા (ચતુઃશ્લોકી) તેમજ નિબંધ સ્પર્ધા (દામોદરદાસ હરસાણીજી) માં પ્રથમ સ્થાન મેળવી, પરિવારનું નામ રોશન કરેલ છે.



નીવા ભાવિન શાહ

**નીવાને અભિનંદન!**